eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 117
August 31, 2007

## સુરત મહાનગર સેવાસદન દ્વારા સીટીબસ સેવાની લોકાર્પણવિધિ



નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૦૭ અન્વયે સુરત શહેર વિસ્તારમાં સુરત મહાનગર સેવાસદન દ્વારા સીટીબસ સેવાની લોકાર્પણવિધિ તા.૨૭–૦૮–૨૦૦૭નાં રોજ મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, પાણી પુરવઠા અને જળ સંપત્તિ વિભાગ, ગુજરાત રાજયના વરદહસ્તે રાખવામાં આવેલ પરંતુ નાદૂરસ્ત તબિયતને કારણે તેઓ અનુપસ્થિત રહેલ. પરંતુ તેમણે તેમનો શુભેચ્છા સંદેશ પાઠવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન સેન્ટ્રલઝોન હસ્તકનાં વીબીડીસી (ફા./મે.) વિભાગ દ્વારા આયોજીત મેલેરીયા વિષયક વકૃત્વ સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમ

સુરત મહાનગર સેવા સદન, સેન્ટ્રલ ઝોન હસ્તકના વીબીડીસી વિભાગ દ્વારા શાળાના બાળકોમાં મચ્છરની ઉત્પત્તિ તેના અટકાયત માટે લેવાજોગ પગલા તથા મચ્છર જન્ય રોગો વિષે સમજણ કેળવાય તે હેતુસર તા.૨૨/૦૮/૦૭ ના રોજ ન. પ્રા. શાળા ક્રમાંક ૬૧–૬૨ ક્ષેત્રુંજીવાડ બેગમપુરા ખાતે મેલેરીયા વિષયક વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના ઝોનની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં બમરોલી, અલથાણ બ્રીજ તરફના ૧૫૦ ફૂટરોડ પર આવેલ હરીહરનગર સોસાયટી સબપ્લોટ નં. ૭૫ ,૭૬ તથા ૭૯ માં માલિક દ્વારા સુરત મહાનગર સેવાસદનની પરવાનગી વગર ગેરકાયદેસર બાંધકામ કરતાં અત્રેથી તા. ૨૧/૦૮/૦૭ ના રોજ ૧૦૫૦ ચો.ફૂટનું બાંધકામ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

(૧) પૂર્વઝોન (વરાછા) માં ટી.પી.સ્કીમ નં. ૩ (કરંજ), ફા.પ્લોટ નં. ૯૧, પરિમલ સોસા.ના અનઅધિકૃત બાંધકામનું ડીમોલીશન.
(૨) ટી.પી ૪ (અશ્વનીકુમાર–નવાગામ) હરી ઈચ્છા સોસા.માં માર્જીનમાં બનાવેલ પતરાનો શેડ તોડી પાડવા બાબત.
(૩) ટી.પી ૪ (અશ્વનીકુમાર–નવાગામ) વિસ્તારમાં દબાણ દુર કરવા બાબત.

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિનર્મદ જન્મજયંતિની ઉજવણી

સુરત મહાનગર સેવાસદન તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે સવારે ૯ : ૦૦ કલાકે ગાંધીબાગ, ચોક સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે મા.ડે મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણા, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, ...



વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) દ્વારા તા.૨૨/૦૮/૦૭ તથા તા.૨૩/૦૮/૦૭ મે.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર સુરત મહાનગર સેવા સદનના કતારગામ ઝોન વિસ્તારમાં લારી ગલ્લાના દબણો નોર્થ ઝોનના ટેકનીકલ સ્ટાફ, આરોગ્ય વિભાગના સ્ટાફ તેમજ રાંદેર ઝોન, સેન્ટ્રલ ઝોનના દબાણના બેલદારો સહીતના સ્ટાફ તથા ટ્રક, ડમ્પર તથા કતારગામ પોલિસ સ્ટેશનના પોલિસ કર્મચારી સહિતના સ્ટાફ સાથે રાખી નીચે જણાવ્યા મુજબના વિસ્તારોમાંથી લારી ગલ્લહાના દબાણો ઉપાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન દ્વારા બાંધવામાં આવી રહેલ આવાસો અંગે બોગસ ફોર્મ છાપી પ્રજાને છેતરતા તત્વોથી સચેત રહેવા અપિલ

સુરત મહાનગર સેવા સદન દ્વારા હાલમાં વઘદગચો ઢ ખકગ. અંતર્ગત રાંદેર, ઉધના, લિંબાયત, ભેસ્તાન, અલથાણ, કોસાડ વિગેરે વિસ્તારોમાં શહેરી ગરીબો માટે અંદાજે ૩૦,૦૦૦ આવાસો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## જકાત વિભાગની કામગીરી

જકાતખાતાના દેવધ ગોધદરા રોડ નાકા પરથી તા.૯/૦૮/૦૭ ના રોજ સાંજે ૬:૧૫ કલાકે વાહન નં. નવ ૫ ૧૦ત ૨૦૬ કે જેમાં રૂા.૧૫,૦૦૦/– નો સેન્ટીંગ સામાનનો જકાતપાત્ર માલ હતો તે વાહન જકાત ભરપાઈ કર્યા વિના શહેરમાં દાખલ થયેલ હોવાનું ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગર સેવાસદન દ્વારા સીટીબસ સેવાની લોકાર્પણવિધિ





નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૦૭ અન્વયે સુરત શહેર વિસ્તારમાં સુરત મહાનગર સેવાસદન દ્વારા સીટીબસ સેવાની લોકાર્પણવિધિ તા.૨૭–૦૮–૨૦૦૭નાં રોજ મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, પાણી પુરવઠા અને જળ સંપત્તિ વિભાગ, ગુજરાત રાજયના વરદહસ્તે રાખવામાં આવેલ પરંતુ નાદૂરસ્ત તબિયતને કારણે તેઓ અનુપસ્થિત રહેલ. પરંતુ તેમણે તેમનો શુભેચ્છા સંદેશ  પાઠવી સુરત સીટી બસ સેવાનો લોકાર્પણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થાય તેવી શુભકામના પાઠવી. તેમજ સુરત મહાનગર સેવાસદન ધ્વારા શરૂ થનાર સીટી બસ સેવાથી સુરત શહેરના લોકોને પરિવહન માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થશે. તથા સુરત શહેરના લોકો આ સીટી બસ સેવાનો વધારે માં વધારે ઉપયોગ કરશે તેમજ મુસાફરોની સંખ્યા અને અન્ય વિકસતા વિસ્તરને ધ્યાને લઈ સુરત મહાનગર સેવાસદન ધ્વારા વધુ ને વધુ સીટી બસ સેવાનો વિસ્તાર કરવામાં આવશે તેવી અપેક્ષા સાથેનો શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ.

કમિશનરશ્રી એસ. અપર્ણાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ કે ગતિ એ જીવન છે સ્વસ્થ જીવન માટે મનુષ્યના શરીરમાં જેમ લોહીની જરૂર પડે છે તે જ રીતે સુરત શહેરના આર્થિક વિકાસ માટે પરિવહનની પણ એટલી જ અગત્યતા રહેલી છે. તેમ જણાવી પબ્લીક ટ્રાન્સપોર્ટેશન પર ભાર મુકયો હતો. સુરત શહેરની ૪૦ લાખની વસ્તી સામે ૧૩ લાખ વાહનો નોંધાયેલ છે. સુરત મહાનગર સેવાસદન તરફથી રસ્તા, પૂલો, વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પરંતુ લાંબા સમયથી બંધ સીટી બસ સેવા આજ રોજ પ્રજાજનોને લોકાર્પણ કરવામાં આવી રહી છે. ૨૦૦ જેટલી સીટી બસો શરૂ કરી સુરત મહાનગર સેવાસદનના તમામ વિસ્તારો/ઝોનને આવરી લેવામાં આવેલ છે. જે બાકી છે તેને બીજા તબકકામાં સમાવેશ કરવામાં આવશે. હાલમાં કુલ ૧૮ જેટલા રૂટો પર બસ દોડાવવામાં આવનાર છે. સમગ્ર રાષ્ટ્રમાં આ સૌ પ્રથમ સીટી બસ સેવા શરૂ કરવા અંગેનો પ્રસંગ છે. જેમાં ખાનગી બસ સેવા ધ્વારા બસના રૂટ તેમજ ભાડા સુરત મહાનગર સેવાસદન ધ્વારા નકકી કરવામાં આવેલ છે. તથા સીટી બસ સેવા દોડાવવા અંગે ત્રણ ખાનગી એજન્સીઓ (૧) બારમેચા (૨) મહેન્દ્ર ટ્રાવેલ્સ તથા (૩) સન ટ્રાન્સપોર્ટને કામગીરી સોંપવામાં આવેલ છે. આમ સીટી બસસેવા આખા રાષ્ટ્રમાં નમુનારૂપ સેવા પૂરી પાડશે તેવી અપેક્ષા રાખી હતી.



આ પ્રસંગે શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ પોતાના વકતવ્યમાં સીટી બસ સેવા શરૂ કરવા અંગેના પ્રસંગને સુરત મહાનગર સેવાસદનનો આનંદનો ઉત્સવ ગણાવેલ. તથા ઘણા વર્ષોથી પ્રજાની વિટંબણાઓ દૂર કરવા માટે તથા સામાન્ય જનતા માટે ધંધા નોકરીના સ્થળ સુધી પહોંચવા માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. લોકોની લાગણીને વાચા આપવા માટે સુરત મહાનગર સેવાસદને પ્રયત્ન કરેલ છે. તેમજ ૧૪ માસમાં પ્રજાને આપેલ વચન સાકાર થઈ રહેલ છે. નવા વિસ્તારો વધવા છતા

બજેટમાં જોગવાઈ કરી આગામી વર્ષે પણ સેવા પૂરી પાડવામાં આવશે. ભરૂચ થી ઉમરગામ સુધીના વિસ્તારના લોકોને સુરતમાં નોકરી–ધંધાના સ્થળે સમયસર પહોંચવામાં આ સેવા ખૂબ જ લાભદાયી રહેશે. તથા આ તમામ બસો સી. એન. જી હોવાને કારણે પર્યાવરણ પર પણ સારી અસર પડશે તેમજ લોકોના આરોગ્યને પણ લાભદાયી નિવડશે તેવી અપેક્ષા સાથે તેમણે વકતવ્ય પૂર્ણ કર્યુ.

સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ કે સ્થાયી સમિતિ તરફથી હિમ્મતભર્યો નિર્ણય લઈ પ્રજાજનોની આર્થિક સુખાકારી અંગે વિચારણા કરાવમાં આવેલ. જે વિચાર આજરોજ મૂર્તિમંત થઈ રહેલ છે જે ઘણી જ આનંદ અને ગૌરવની લાગણી છે. ઈજારદારો તરફથી પણ સુરત સીટી બસ સેવા શરૂ કરવા અંગે તત્પરતા દાખવવામાં આવી છે. જે ખૂબ જ અભિનંદનીય છે. સુરત મહાનગર સેવાસદન પાણી, ગટર, રસ્તા,વિજળીની ૯૫% સેવા આપવામાં આવે છે. આખા દેશમાં સુરત મહાનગર સેવાસદનના ઈન્ફ્રાસ્ટકચરને કારણે ઉચ્ચ દરજજો આપવામાં આવેલ છે. દેશ તેમજ વિશ્વમાં સુરત મહાનગર સેવાસદનને મેગા સીટી તરફ પ્રયાણ કરવામાં અમો સતત પ્રયત્નશીલ છીએ.

ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલે પોતાના વકતવ્યમાં લાલ બસ રાખવા અંગે સમજ આપી તેમજ બસ સેવા આમજનતાને અમૃત સમાન બનશે. મહિલાઓ તથા બાળકોને પણ  પણ આ બસ સેવા ખૂબ જ ઉપયોગી તેમજ સુરક્ષિત રહેશે.

આ પ્રસંગે પોલીસ કમિશનરશ્રી આર. એમ. એસ. બ્રારે તેમના વકતવ્યમાં બસ સેવા શરૂ કરવા બાબતે સુરત મહાનગર સેવાસદનને અભિનંદન આપતા જણાવ્યુ કે મોટા શહેરો માટે પબ્લીક ટ્રાન્સપોર્ટ ખૂબ જ અગત્યની તેમજ લોકોની પરિવહન અંગેની સમસ્યા દૂર કરવામાં ખૂબ જ ઉપયોગી રહેશે. આ ટ્રાન્સપોર્ટ સેવા લોકોની જરૂરીયાત ને ધ્યાને લઈ શરૂ કરવામાં આવેલ છે ત્યારે સુરત શહેરના લોકો પણ સૌપ્રથમ પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે જેથી પર્યાવરણ તેમજ ટ્રાફીક અંગેની સમસ્યા મહદઅંશે નિરાકરણ થઈ શકશે.

શહેરના પ્રથમ નાગરિક મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીએ પોતાના વકતવ્યમાં ભવિષ્યમાં એ.સી. બસ સેવા શરૂ કરવા અંગે પણ નિર્દેશ કરેલ. તેમજ આ બસ સેવા છેવાડાના માણસને પોષાય તેવા ભાવ રાખ રાખવામાં આવેલ છે. આ બસ સેવા ખૂબ જ ટૂંકા સમયગાળામાં શરૂ કરવામાં આવી છે. શહેરનુ હદ વિસ્તરણ થવા છતા પ્રજાજનોને સારી સેવા મળી રહે તે માટે અમો પ્રયત્નશીલ છીએ. તથા સી. એન. જી. બસને કારણે પર્યાવરણ પણ સારુ રહેશે તેમજ ઈજારદારોને સમયસર તેમજ સારી સેવા આપવા અનુરોધ કરી તકતીનુ અનાવરણ કરી શહેરી બસ સેવાને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવેલ.

સમારંભના અંતમા સુરત મહાનગર સેવાસદનના ડે. કમિશનરશ્રી (સ્પે.) પી. જે. ઝાલાએ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનુ તેમજ અધિકારી/કર્મચારીગણ,ઉપસ્થિત વિશાળ જનમેદનીનો આભારવિધિ કરેલ.

TOP

# સુરત મહાનગર સેવા સદન સેન્ટ્રલઝોન હસ્તકનાં વીબીડીસી (ફા./મે.) વિભાગ દ્વારા આયોજીત મેલેરીયા વિષયક વકૃત્વ સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમ



સુરત મહાનગર સેવા સદન, સેન્ટ્રલ ઝોન હસ્તકના વીબીડીસી વિભાગ દ્વારા શાળાના બાળકોમાં મચ્છરની ઉત્પત્તિ તેના અટકાયત માટે લેવાજોગ પગલા તથા મચ્છર જન્ય રોગો વિષે સમજણ કેળવાય તે હેતુસર તા.૨૨/૦૮/૦૭ ના રોજ ન. પ્રા. શાળા ક્રમાંક ૬૧–૬૨ ક્ષેત્રૃંજીવાડ બેગમપુરા ખાતે મેલેરીયા વિષયક વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સદર સ્પાર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ અને તે પૈકી ખૂબ જ સરસ રીતે મેલેરીયા વિષયક વિસ્તૃત માહિતી પૂરી પાડનાર કુલ–૩ વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ આપી તેમને પ્રોત્સાહિત કરવા મહાનગર સેવા સદન તરફથી સીલ્ડ તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને બોલપેન એનાયત કરવામાં આવેલ છે.

સદર સ્પર્ધામાં શાળાના શિક્ષકો અને આચાર્યશ્રી ગુલામભાઈ મહમ્મદભાઈ મુનશીએ ખૂબ જ રસ દાખવેલ. ઉકત મુજબની સ્પર્ધા/ઈનામ વિતરણને સેન્ટ્રલઝોનના આસી.જંતુનાશક અધિકારી શ્રીમતી ગાયત્રીબેન આર.જરીવાલાના માર્ગદર્શનથી ખાતાના કર્મચારીશ્રીઓએ જીવંત અને સફળ બનાવેલ છે. સદર સ્પર્ધામાં ન.પ્રા.શિ.સ.ના સી.આર.સી. શ્રી ભૂપેન્દ્રભાઈ સોમાભાઈ પંચાલની હાજરી ખૂબ જ સુચક હતી.

TOP

# ઉધના ઝોનની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં બમરોલી, અલથાણ બ્રીજ તરફના ૧૫૦ ફૂટરોડ પર આવેલ હરીહરનગર  સોસાયટી સબપ્લોટ નં. ૭૫ ,૭૬ તથા ૭૯ માં માલિક દ્વારા સુરત મહાનગર સેવાસદનની પરવાનગી વગર ગેરકાયદેસર બાંધકામ કરતાં અત્રેથી તા. ૨૧/૦૮/૦૭ ના રોજ ૧૦૫૦ ચો.ફૂટનું બાંધકામ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથઝોન (ઉધના) દબાણ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફના સહકારથી કરવામાં આવેલ છે.

TOP

# પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

**(૧) પૂર્વઝોન (વરાછા) માં ટી.પી.સ્કીમ નં. ૩ (કરંજ), ફા.પ્લોટ નં. ૯૧, પરિમલ સોસા.ના અનઅધિકૃત બાંધકામનું ડીમોલીશન**

**(અ)** ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા.પ્લોટ નં. ૯૧ માં આવેલ પરિમલ સોસા.ના સ.પ્લોટ નં. ૧૨૦,૧૨૧ માં ધર્મેન્દ્ર અરજણભાઈ રાઘવાણી દ્વારા હયાત વસવાટ સહીતના બાંધકામવાળી મિલ્કતમાં ૪ થા માળે ૧૨ × ૫૦ના માપ વિસ્તારમાં ચણતર કરી પતરાની રૂમો બનાવવાનું અનઅધિકૃત કામ શરૂ કરેલ, તે બાંધકામ દુર કરવામાં આવેલ.

**(બ)** આજ સોસાયટીમાં સ.પ્લોટ નં. ૧૦૬, ૧૦૫ માં માલિક પરેશભાઈ હિંમતભાઈ પટેલ તરફથી હયાત મિલ્કતમાં વસવાટ સહીતની ૪ થા માળે ૨૫ × ૪૫ ના માપ વિસ્તારમાં ભાડે આપવાના ઈરાદેથી ૫ (પાંચ) રૂમો બનાવવાનું બાંધકામ કરેલ તે દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

**(ક)** તેમજ સ.પ્લોટ નં. ૧૦૭માં હયાત મિલ્કતના ૪ થા માળે વસવાટ સહીતની પતરાની રૂમોનું બાંધકામ દુર કરવા બાબતે મિલ્કતદારે દિન –૨ ની મુદ્દતમાં બાંહેધરી આપતા તેમની પાસેથી રૂા.૨૫,૦૦૦/– નો ચેક સીકયુરીટી ડિપોઝીટ પેટે જમાં લેવામાં આવેલ છે.

**(ડ)** વધુમાં લાભેશ્વર રોડ પર આવેલ ઘનશ્યામનગર સોસા. સ.પ્લોટ નં. ૨૭૭ માં માલિક અશોકભાઈ ખનીએ હયાત મિલ્કતના ગ્રા.ફલોર પર પરવાનગી મેળવ્યા સિવાય હેતુફેર કરી આશરે ૧૮૦૦ ચો.ફૂટના માપ વિસ્તારમાં દુકાનો બનાવવાના ઈરાદે ફીટ કરેલ રોલીંગ શટર્સને અત્રેથી શીલ મારી બંધ કરવામાં આવેલ છે તથા તેની સામે ઘનશ્યામનગર શેરી નં. ૭ ના કોર્નર પર અવધ ડાઈનીંગ હોલના માલીકોએ ટી.પી રસ્તા પર ગેસ, સ્ટવ તથા કાઉન્ટર મુકી રસ્તાના વાહનવ્યવહારમાં અડચણ ઉભી કરતા આ તમામ સામાન જપ્ત કરવામાં આવેલ છે.

**(૨) ટી.પી ૪ (અશ્વનીકુમાર–નવાગામ) હરી ઈચ્છા સોસા.માં માર્જીનમાં બનાવેલ પતરાનો શેડ તોડી પાડવા બાબત**

ટી.પી.(અશ્વનીકુમાર–નવાગામ) વિસ્તારની હરીઈચ્છા સોસા.ના પ્લોટ નં. ૧૬ ના માર્જીનમાં બનાવવામાં આવેલ પતરાનો શેડ આશરે ૪૦૦ ચો ફૂટ માપ વિસ્તારનો દુર કરી માર્જીનની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

**(૩) ટી.પી ૪ (અશ્વનીકુમાર–નવાગામ) વિસ્તારમાં દબાણ દુર કરવા બાબત**

વિસામાથી અશ્મિ ડાઈગ સુધીના વિસ્તારમાં આજરોજ બંધ લારી ૧૧, છાપરાવાળી લારી ૨ જપ્ત કરવામાં આવેલ છે. પૂર્વઝોન(વરાછા) ની કચેરીની સામેના વિસ્તારમાંથી ખુલ્લી લારી નં.– ૬ જપ્ત કરવામાં આવેલ છે.

TOP

# કવિનર્મદ જન્મજયંતિની ઉજવણી



સુરત મહાનગર સેવાસદન તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે સવારે ૯ : ૦૦ કલાકે ગાંધીબાગ, ચોક સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે મા.ડે મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણા, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, ડે. કમિશ્નર(સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રમિતી છાયાબેન ભૂવા, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, મૂર્ધન્ય કવિ શ્રી ભગવતીકુમાર શર્મા , નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો તમજ વિદ્યાર્થીઓએ કવિ નર્મદના ''જય જય ગરવી ગુજરાત'' અને બીજા અનેક ગીતો ગાઈને કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી.



ત્યારબાદ વીર નર્મદના જીવન ઝરમર પર પ્રદર્શન, કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, ઘોડદોડર રોડ, સુરત ખાતે સવારે ૯ :૩૦ કલાકે મહાનુભાવોની ઉપસ્થિતિમાં જાહેર જનતા માટે ખુલ્લું મુકયું હતું . આ પ્રસંગે મહાનગર સેવાસદનના પદાધિકારીશ્રીઓની સાથે સુરતના કલેકટરશ્રી દિલીપભાઈ રાવળ પણ ઉપસ્થિત રહી પ્રદર્શનને નિહાળ્યું હતું. આ પ્રસંગે કવિ નર્મદની ''સૂરત મૂજ ઘાયલ ભૂમિ'' , ''જય જય ગરવી ગુજરાત'' , ''યા હોમ કરીને પડો ફતેહ છે આગે'' જેવાં પ્રેમ, શૂરાતન, રાષ્ટ્રવાદ અને સમાનતાનાં કાવ્યો પર આધારિત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ત્રણ સ્પર્ધકો વિજેતા નિવડયા હતા. આ પ્રદર્શન એક સપ્તાહ સુધી ચાલુ રહેશે. જેનો લાભ લેવા શહેરીજનોને વિનંતી છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) દ્વારા તા.૨૨/૦૮/૦૭ તથા તા.૨૩/૦૮/૦૭ મે.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર સુરત મહાનગર સેવા સદનના કતારગામ ઝોન વિસ્તારમાં લારી ગલ્લાના દબણો નોર્થ ઝોનના ટેકનીકલ સ્ટાફ, આરોગ્ય વિભાગના સ્ટાફ તેમજ રાંદેર ઝોન, સેન્ટ્રલ ઝોનના દબાણના બેલદારો સહીતના સ્ટાફ તથા ટ્રક, ડમ્પર તથા કતારગામ પોલિસ સ્ટેશનના પોલિસ કર્મચારી સહિતના સ્ટાફ સાથે રાખી નીચે જણાવ્યા મુજબના વિસ્તારોમાંથી લારી ગલ્લહાના દબાણો ઉપાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વિસ્તાર :–

૧. ધર્મનંદન ડાયમંડની નંદુડોશીની વાડી તરફ જતો રોડ

૨. ટોરેન્ટ પાવર 'બી' રીસીવીંગ સ્ટેશનથી સારથી ઈન્ડ.તરફ જતો રોડ

૩. કતારગામ ગોતાલાવાડી ટેનામેન્ટના પાછળનો રસ્તો

૪. વેડ રોડ પ્રાણનાથ હોસ્પિટલ પાસે

૫. વેડ દરવાજાથી પ્રાણનાથ સુધીનો રસ્તો

૬. પારસ સોસા.મેઈન રોડ, કુબેરનગર મેઈન રોડ, પારસ પંપીંગ સ્ટેશન પાછળનો ભાગ

૭. પારસ વોર્ડ ઓફિસ, પારસ શાક માર્કેટની આજુબાજુનો વિસ્તાર

૮. ધનમોરા ચાર રસ્તાથી મગનનગર થઈ બાપા સીતારામ ચોક સુધીનો રોડ

૯. નગીનાવાડી ફલાય ઓવર બ્રિજ નીચે વીર સાવરકર ઉદ્યાનની આજુબાજુનો રોડ

૧૦. સીંગણપોર ચાર રસ્તાથી સીંગણપોર જતો રોડ

ઉપરોકત જણાવ્યા તમામ વિસ્તારોમાંથી હોકીંગ ઝોન સિવાયના લાયસન્સ ન ધરાવતા ગેરકાયદેસર ખુલ્લી લારીઓ : ૧૪૧, બંધ લારી : ૫૭, કાઉન્ટર : ૧૦, કેબીન : ૦૩, તેમજ અન્ય : ૦૫ મળી કુલ : ૨૧૬ દબાણો દુર કરી લારીગલ્લા જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગર સેવા સદન દ્વારા બાંધવામાં આવી રહેલ આવાસો અંગે બોગસ ફોર્મ છાપી પ્રજાને છેતરતા તત્વોથી સચેત રહેવા અપિલ

સુરત મહાનગર સેવા સદન દ્વારા હાલમાં JnNURM - BSUP અંતર્ગત રાંદેર, ઉધના, લિંબાયત, ભેસ્તાન, અલથાણ, કોસાડ વિગેરે વિસ્તારોમાં શહેરી ગરીબો માટે અંદાજે ૩૦,૦૦૦ આવાસો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ આવાસોની ફાળવણી અંગે કોઈ પણ જાતના ફોર્મ બહાર પાડવામાં આવેલ નથી કે કોઈપણ સંસ્થા/એજન્સીને આ આવાસોની બુકીંગની કામગીરી સોંપવામાં આવેલ નથી. છતાં સુરત મહાનગર સેવા સદનના ધ્યાન પર આવેલ છે કે, આ આવાસો બાબત બોગસ ફોર્મ છપાવી ફોર્મના વિતરણ તથા બુકીંગની કાર્યવાહી અસામાજીક તત્વો દ્વારા કરવામાં આવી રહી છે.

આથી શહેર વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં વસતા નાગરિકો તથા અન્ય જાહેર જનતાને આ બાબત ગેરમાર્ગે ન દોરવા તથા કોઈ ફોર્મ ન ખરીદવા કે બુકીંગ અંગે નાણાં જમા ન કરાવવા જાહેર સુચના આપવામાં આવે છે. આ બાબતે આવા ફોર્મના વિતરણ કરનારા કે રકમ જમા લેનારની માહિતી મળે તો સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સ્લમ અપગ્રેડેશન સેલ (રૂમ નં.૧૨૦) ખાતે સંપર્ક કરવો. અથવા ફોન નં. ૨૪૨૩૭૫૧ તી ૫૫ (એક્ષટેન્શન નં. ૪૬૨ તથા ૪૯૯) પર સંપર્ક કરવો.

TOP

## જકાત વિભાગની કામગીરી

જકાતખાતાના દેવધ ગોધદરા રોડ નાકા પરથી તા.૯/૦૮/૦૭ ના રોજ સાંજે ૬:૧૫ કલાકે વાહન નં. નવ ૫ ૧૦ત ૨૦૬ કે જેમાં રૂા.૧૫,૦૦૦/– નો સેન્ટીંગ સામાનનો જકાતપાત્ર માલ હતો તે વાહન જકાત ભરપાઈ કર્યા વિના શહેરમાં દાખલ થયેલ હોવાનું ડીવીઝનના ઈ.ચા.જકાત અમલદાર શ્રી સંજય પંચાલના ચેકીંગ દરમ્યાન ધ્યાને આવતા સદર બાબતે તપાસ કરતા જકાતપાત્ર માલને દેવધ ગોડાદરા રોડ નાકાના ફરજ પરના કર્મચારી ડી.ઈ.શ્રી શ્રીરામ વી.પટેલ, કલાર્ક શ્રી કે.બી.રાણા તથા પટાવાળા શ્રી તેજશ જે.ગૌસ્વામીએ પાર્ટી સાથેના મેળાપીપણામાં વિના જકાત શહેરમાં દાખલ કરેલ હોવાનું માલૂમ પડેલ હોય મહાનગર સેવા સદનને આર્થિક નુકશાન થાય તે પ્રકારની ગંભીર ફરજચુક કરવા બદલ ડે.કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા દ્વારા ડી.ઈ.શ્રીરામ વી.પટેલ અને કલાર્ક શ્રી કે.બી.રાણાને તાત્કાલિક અસરથી ફરજ મોકુફી હેઠળ મૂકવામાં આવેલ છે. જયારે પટાવાળા શ્રી તેજશ જે.ગૌસ્વામી તાલીમાર્થી હોય તેઓને ફરજમાંથી છૂટા કરવામાં આવેલ છે.

TOP